પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૮૫, કુલ પાના:૪, તારીખ: ૦૧-૦૪-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 185 PRICE :-RS. 1.50 DATE : 01-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં ૫૩,૪૮૦ નવા કેસ નોંધાયા, મૃત્યુદર ૧.૩ ટકા થયો

# દેશમાં ૧૦૩ દિવસ બાદ સૌથી વધુ ૩૩૪ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યો

ન્યુ દિલ્હી,

એક વર્ષ બાદ પણ કોરોનાનો પ્રકોપ એટલો જ જોવા મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે પણ આખરે કહેવું પડ્યું કે દેશમાં વાયરસના સંક્રમણ સંબંધિત સ્થિતિ ’બદથી બદતર’ થઈ રહી છે. આ દરમિયાન એમ પણ કહ્યું કે ખાસ કરીને કેટલાક રાજ્યોમાં નવા કેસ ખુબ ઝડપથી વધવા એક મોટી ચિંતાનો વિષય છે. નીતિ આયોગના સભ્ય (હેલ્થ) વી કે પોલે કહ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં સ્થિતિ ખુબ ઝડપથી કથળી રહી છે જેનાથી આખો દેશ જોખમમાં છે. આથી કોઈ પણ જરાય બેદરકારી



વર્તવી જોઈએ નહીં.

ભારતમાં કોરોના વાયરસના નવા ૫૩,૪૮૦ નવા કેસ નોંધાયા છે, જેની સાથે કુલ કેસનો આંકડો ૧,૨૧,૪૯,૩૩૫ પર પહોંચી ગયો છે, જ્યારે ૩૫૪ લોકોએ એક જ દિવસમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૧,૬૨,૪૬૮ થઈ ગયો છે. આ અંગે બુધવારે સ્વસ્થ્ય મંત્રાલય દ્વારા માહિતી આપવામાં આવી છે. ભારતમાં વધતા કોરોના

★ કોરોના એક્ટિવ કેસનો આંકડો ૫,૫૨,૫૬૬ને પાર, રિકવરી રેટ ૯૪.૧ ટકા.

★ મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક, છત્તીસગઢ અને ગુજરાતમાં કેસોમાં દિન-પ્રતિદિન વધ્યો.

કેસને કાબૂમાં લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારોને પણ જરુરી પગલા ભરવા માટેની સૂચના આપવામાં આવી છે. આ સાથે મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં કોરોનાને ડામવા માટે કેટલાક પગલા ભરવામાં આવ્યા છે. આ પહેલા ભારતમાં ૧૭ ડિસેમ્બરના રોજ ૩૫૫ લોકોએ એક જ દિવસમાં કોરોના વાયરસના કારણે જીવ ગુમાવ્યો હતો. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સવારે ૮ વાગ્યે રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૫,૫૨,૫૬૬ થઈ ગયો છે, જેની કુલ કેસની સામે ટકાવારી ૪.૫૫% થાય છે. જ્યારે કોરોનાને હરાવીને સાજા થનારા દર્દીઓની ટકાવારી ૯૪.૧૧ ટકા થાય છે.

ભારતમાં કોરોનાને હરાવીને ૧,૧૪,૩૪,૩૦૧ લોકો સાજા થઈ ગયા છે. જ્યારે દેશમાં કોરોનાના કારણે મૃત્યુ પામેલા લોકોની ટકાવારી ૧.૩૪% થાય છે. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

ICMR મુજબ ૨૪,૩૬,૭૨,૯૪૦ લોકોના ૩૦ માર્ચ સુધીમાં કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી મંગળવારે ૧૦,૨૨,૯૧૫ લોકોના ટેસ્ટ લેવામાં આવ્યા છે. કોવિડ ૧૯થી સૌથી વધુ પ્રભાવિત ૧૦ જિલ્લામાંથી ૮ જિલ્લા મહારાષ્ટ્રના છે. જ્યારે દિલ્હીનો પણ એક જિલ્લો આ લિસ્ટમાં સામેલ છે. હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે કહ્યું કે જે ૧૦ જિલ્લામાં સૌથી વધુ એક્ટિવ કેસ છે તેમાં પુણે (૫૯,૪૭૫), મુંબઈ (૪૬,૨૪૮), નાગપુર (૪૫,૩૨૨), થાણે (૩૫,૨૬૪), નાસિક (૨૬,૫૫૩), ઔરંગાબાદ (૨૧,૨૮૨), બેંગ્લુરુ સિટી (૧૬,૨૫૯), નાંદેડ (૧૫,૧૭૧), દિલ્હી (૮,૦૩૨) અને અહેમદનગર (૭,૯૫૨) સામેલ છે. તેમણે કહ્યું કે ટેક્નિકલી રીતે દિલ્હીમાં અનેક જિલ્લા છે પરંતુ તેને એક જિલ્લા તરીકે લેવાયો છે.

## દેશમાં કોરોના વાયરસનું ભારતીય વેરિયન્ટ નથી: ICMRનો દાવો

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરના પગલે ઘણા રાજ્યોમાં નવા કેસોની સંખ્યા ઝડપથી વધી રહી છે. આ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું છે કે, કોરોના વાયરસનો એક પણ ભારતીય વેરિયન્ટ કેસ સામે આવ્યો નથી. દેશમાં અત્યાર સુધી કોરોના વાયરસનું એક પણ એવું વેરિયન્ટ નથી મળ્યું, જેમાં ભારતીય સંસ્કરણ મળ્યું હોય. આઈસીએમઆરના મહાસચિવ બલરામ ભાર્ગવે આ અંગે માહિતી આપતાં કહ્યું કે, કોરોના વાયરસનું કોઈ ભારતીય વેરિયન્ટ નથી. કોવેક્સિન અને કોવિશીલ્ડ વેક્સીને યુકે અને બ્રાઝિલના વેરિયન્ટ વિરુદ્ધ અસર બતાવ્યું છે. જ્યારે દક્ષિણ આફ્રીકી વેરિયન્ટની વેક્સિન પર અત્યારે પણ કામ ચાલી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગે બુધવારે માહિતી આપી હતી કે, ભારતમાં કોરોના વાયરસના એક નવા ડબલ મ્યુટેન્ટ વેરિયન્ટ અંગે જાણવા મળ્યું છે. ઘણા વેરિયન્ટ્સ ઓફ કન્સર્ન્સ દેશના ૧૮ રાજ્યોમાં મળ્યા છે. આનો અર્થ છે કે, કોરોના વાયરસના વિવિધ પ્રકાર અંગે જુદી-જુદી જગ્યાએ જાણવા મળ્યું છે, જે સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. આ નવી ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ભારતમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે.


### લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં

## આચાર્ય-શિક્ષકની નિમણૂંક માટે TAT પરીક્ષા સાથેની લાયકાત અમલી બનશે

ગાંધીનગર,

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયકની વિધાનગૃહમાં ચર્ચા દરમ્યાન સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજયમાં આવેલી લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ હવેથી આચાર્ય અને શિક્ષકની નિમણૂંક માટે _છ_ પરીક્ષા સાથેની યોગ્ય લાયકાત અમલી બનશે.





લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં આચાર્ય અને શિક્ષકની નિમણૂંક માટે યોગ્ય લાયકાત અમલી બનાવવા અંગેના સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના વખતોવખતના ચુકાદાને સુસંગત સુધારા આ વિધેયકમાં સમાવિષ્ટ છે એમ તેમણે ઉમેર્યુ હતું.

આ સંદર્ભમાં વધુ વિગતો આપતાં શિક્ષણ મંત્રી ચુડાસમાએ ઉમેર્યુ કે, રાજ્યમાં હાલ કેન્દ્રીયકૃત પદ્ધતિથી સરકારી અને અનુદાનિત ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા અમલમાં છે. પરંતુ લઘુમતિ સંસ્થાઓ દ્વારા શિક્ષક તરીકેની પસંદગીની લાયકાત પૂરી કરવા માટે નિયત કરેલા TAT પરીક્ષાના મહત્વના ગુણાંકનને ધ્યાનમાં લીધા સિવાય આવી પસંદગી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. પરિણામે રાજ્યની સરકારી તેમજ ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં શિક્ષકની ગુણવત્તાની પસંદગી માટેના નિયત થયેલા ધોરણો જળવાતા નથી અને TAT પરીક્ષાના પરિણામના આધારે પસંદગી પ્રક્રિયા લઘુમતિ સંસ્થાઓમાં થતી ન હોવાથી તટસ્થ રીતે ગુણવત્તાયુકત આચાર્યો, શિક્ષકોની પસંદગી થઈ શકતી નથી.

## ૨૦૨૧-૨૨માં ભારતની GDP ૭.૫ થી ૧૨.૫ ટકાની વચ્ચે રહેશે

ન્યુ દિલ્હી,

ભારત સહિત દુનિયાભરના દેશોમાં કોરોનાની નવી લહેર વચ્ચે વિશ્વ બેંકે ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષમાં ભારતની જીડીપી ૭.૫ ટકાથી ૧૨.૫ ટકા વચ્ચે રહી શકે છે તેવી આગાહી કરી છે.





વિશ્વ બેંકના એક મોટા અધિકારીએ આ અનુમાન કર્યુ હતુ.જોકે તેમણે જીડીપીનો કોઈ એક ચોક્કસ આંકડો આપવાનો ઈનકાર કર્યો હતો.તેમનુ કહેવુ હતુ કે, ૭.૫ ટકાથી ૧૨.૫ ટકાની રેન્જ એટલા માટે રાખવામાં આવી છે કે, કોરોના સંક્રમણની રફતાર વધશે કે ધીમી પડશે તો આ આંકડામાં ફેરફાર થઈ શકે છે.એટલે આ રેન્જ રાખવામાં આવી છે.

જોકે પત્રકારોએ ભારત અંગે આગાહી કરવા માટે આગ્રહ રાખતા આ અધિકારીએ કહ્યુ હતુ કે, શક્ય છે કે ભારતનો વિકાસ દર ૧૦ ટકા કરતા થોડો વધારે રહે.


દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ૨૦૨૧-૨૨ના વર્ષમાં ભારતના આર્થિક વિકાસનો દર ૧૧.૫ ટકા રહેશે તેવુ અનુમાન લગાવ્યુ છે.જોકે હવે વર્લ્ડ બેંકે જે આંકડા આપ્યા છે તે આઈએમએફ કરતા થોડા અલગ છે.

ભારતમાં સંખ્યાબંધ મોટા રાજ્યોમાં કોરોના સંક્રમણ તેજીથી ફેલાઈ રહ્યુ હોવાથી આર્થિક ગતિવિધિઓ પર પણ તેની અસર પડી રહી છે.જેના કારણે જેટલી અપેક્ષા હતી તેટલી તેજી આર્થિક મોરચે હજી જોવા મળી રહી નથી.ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ નહીંવત છે.ટ્રાવેલ, ટુરિઝમ, એવિએશન, રેસ્ટોરન્ટો જેવા સર્વિસ સેક્ટરને પણ કોરોનાના કારણે નુકસાન થયેલુ છે. રોજગારીમાં પણ ખાસ વધારો નહીં થઈ રહ્યો હોવાથી માંગમાં પણ વધારો થઈ રહ્યો નથી.

## કોરોનાકાળમાં એક પણ તબીબનું રાજીનામું સ્વિકારાશે નહિ: ના.મુખ્યમંત્રી

ગાંધીનગર,

કોરોના કાળમાં એક પણ ડોક્ટરનું રાજીનામું નહિ સ્વીકારવાની નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી છે. નીતિને પટેલે કહ્યું કે કેટલાક તબબીઓ રાજીનામાં આપ્યા છે. પરંતુ અમે એક પણ તબીબનું રાજીનામું સ્વીકાર્યું નથી. કોરોનામાં ડૉક્ટરોની જરૂર છે. એટલે એક પણ ડૉક્ટરના રાજીનામાનો સ્વીકાર નહીં કરવામાં આવે. રાત્રિ કરફ્યૂની જાહેરાત કરતા દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સરકારી હોસ્પિટલોમાં કામ કરતા તબીબોને લઈને પણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, કેટલાક ડોક્ટરોએ રાજીનામા મૂક્યા છે. મારા તરફથી અને આરોગ્ય વિભાગ દ્વારા આ રાજીનામા સ્વીકારાયા નથી. અમે



બધા તબીબોને કહ્યું છે કે, જ્યા સુધી કોરોના સંક્રમણ પૂરુ ન થાય ત્યાં સુધી તેઓને નાગરિકોને હાલ સેવાની જરૂર છે. કોઈપણ ડોક્ટર કોઈ પણ કક્ષાના હશે તેમનુ રાજીનામુ રાજ્ય સરકાર મંજૂર નહિ કરે. ખાસ બીમારી ધરાવતા ગણ્યાગાંઠ્યા ડોક્ટરોના રાજીનામા અમે મંજૂર કર્યા છે. કેટલાક ગંભીર બીમારી જેવા કેટલાક ખાસ કિસ્સામાં જ તબીબોના રાજીનામાનો સ્વીકાર થશે. બાકી કોરોના કાળમાં કોઈ પણ ડોકટરનું અમે રાજીનામું નહીં સ્વીકારીએ. પરંતુ મોટાભાગના સ્વસ્થ છે, તંદુરસ્ત છે અને પ્રાઈવેટ પ્રેક્ટિસ કરવા માંગે છે તેમાંનું કોઈનુ રાજીનામુ અમે મંજૂર કર્યાં નથી, અને હાલ મંજૂર નહિ થાય.

### રાજ્યમાં વધતા કોરોના પ્રકોપ વચ્ચે

## GPSCની કેટલીક પરીક્ષાઓ પાછળ ઠેલાઈ

ગાંધીનગર,

રાજ્યમાં કોરોના સંક્રમણ વધતાં હવે તેની અસર સરકારી નોકરીઓની ભરતી ઉપર પડી રહી છે. ફરી એકવાર જીપીએસસી દ્વારા એપ્રિલ મહિનામાં લેવાનારી પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એપ્રિલમાં લેવાનારી પરીક્ષાની તારીખ બદલવામાં આવી છે. પરિક્ષેત્ર વન અધિકારીની પરીક્ષા ૧૮ એપ્રિલે, નાયબ સેકશન અધિકારીની પરીક્ષા ૯ મેના રોજ અને ના.મામલતદારની પરીક્ષા ૯ મેના રોજ લેવામાં આવશે.

આ ઉપરાંત સિક્યુરીટી સુપરવાઈઝરની પરીક્ષા ૨૩ મેના રોજ યોજાશે. મદદનીશ ઈજનેરની પરીક્ષાઓ ૬ જુનના રોજ લેવાશે. કુલ મળી ૧૦ પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરાયો છે.

## આજે આસામમાં બીજા તબક્કાની ૩૯ બેઠકો માટે મતદાન યોજાશે



ગૌહાટી,

૨૭ માર્ચે અસમમાં યોજાયેલા પહેલા તબક્કાના મતદાન બાદ ૧લી એપ્રિલે બીજા ચરણનું મતદાન યોજાવા જઈ રહ્યું છે. જેના માટે ૩૯ વિધાન સભાક્ષેત્રમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે ચૂંટણી માટેની તૈયારીઓ કરવામાં આવી છે. બીજા તબક્કાના આ મતદાનમાં ૭૩,૪૪,૬૩૧ મતદાર ૩૪૫ ઉમેદવારનું ભવિષ્ય નક્કી કરશે. જેમાંથી ૩૭,૩૪,૫૩૭ પુરુષ મતદાર, ૩૬,૦૯,૯૫૯ મહિલા મતદાર અને ૧૩૫ ટ્રાન્સજેન્ડર મતદાર છે. ગુરુવારે સવારે સાત વાગ્યાથી ૧૩ જિલ્લાના ૩૯ વિધાનસભા ક્ષેત્રના ૧૦,૫૯૨ પોલિંગ બૂથ પર મતદાન શરૂ થશે. બીજા તબક્કાના મતદાનમાં સત્તાપક્ષ ભાજપ અને વિરોધપક્ષ કોંગ્રેસ-એઆઈયુડીએફ વચ્ચે સીધી ટક્કર જોવા મળશે. બીજા ચરણના ૩૪૫ ઉમેદવારમાં ૨૬ મહિલાઓનો સમાવેશગુરુવારે યોજાનારા આ મતદાનમાં ૩૦ રાજકિય પક્ષના ૩૪૫ ઉમેદવાર કે જેમાં ૨૬ મહિલાઓનો સમાવેશ થાય છે તેમનું ભાવી નક્કી થશે. અલગાપુર વિધાનસભા ક્ષેત્રમાં સૌથી વધારે ૧૯ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે જ્યારે ઉદલગુરી વિધાનસભા ક્ષેત્રમાં સૌથી ઓછા ૨ ઉમેદવારે દાવેદારી નોંધાવી છે. ૩૯ વિધાનસભા ક્ષેત્રોમાંથી ૨ ક્ષેત્ર એટલે કે ૫% વિસ્તાર રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ૩થી વધારે ઉમેદવારોએ ગુન્હાઈત ઈતિહાસ ધરાવે છે.


### તરૂણ બારોટ, જી.એલ. સિંઘલ અને અનાજુ ચૌધરીને સીબીઆઇ કોર્ટે ડિસ્ચાર્જ કર્યા

## ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં CBI કોર્ટે ૩ પોલીસ અધિકારીઓને કર્યા ડિસ્ચાર્જ

અમદાવાદ,

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ કોર્ટનો મહત્વનો ચુકાદો આવ્યો છે. આ એન્કાઉન્ટર કેસમાં તરૂણ બારોટ, જી.એલ. સિંઘલ અને અનાજુ ચૌધરીને સીબીઆઈ કોર્ટે ડિસ્ચાર્જ કર્યા છે. સાથે જ કોર્ટે અવલોકનમાં ટાંક્યું કે, તમામ અધિકારીઓએ પોતાના ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી હતી. ઈશરત જહા લશ્કેર તૈયબાની આતંકી હતી, તે ગ્રૂપમાંથી આવતી હતી તે નકારી ન શકાય. તેથી જ તમામ અધિકારીઓએ ફરજ





બજાવી હતી.

ગુજરાતના બહુચર્ચિત ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં આ પહેલા સીબીઆઈ કોર્ટે એન.કે.અમીન અને ડીજી વણઝારાને મુક્ત કર્યા હતા. આગામી દિવસોમાં હવે આ તમામ મુક્ત અધિકારીઓ સામે કોઈ પણ કેસ ચાલશે નહિ. આજના ચુકાદા બાદ ત્રણેય અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. લાંબી લડત બાદ તમામ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

મુંબઈના મુબ્રાની ૧૯ વર્ષીય ઈશરત જહા, જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લૈ, અમજદ અલી અકબર અને જીશાન જૌહરને ૧૫ જુન, ૨૦૦૪નું અમદાવાદમાં એન્કાઉન્ટર કરાયું હતું. ગુજરાત પોલીસે દાવો કર્યો હતો કે, આ ચારેય લોકો આતંકવાદી સંબંધિત હતા, અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મારવાના ષડયંત્રથી ગુજરાતમાં આવ્યા હતા. સમગ્ર મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો, અને એસઆઈટી દ્વારા સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એસ. બી. પરમાર

મુ. ચંદ્રનગર, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી કુવા ફળીયા ગ્રામ્ય યુવક મંડળ

મુ. ભામૈયા (પૂર્વ), તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના છ તાલુકામાં ૯૦૮૭૫ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી અપાઇ

લુણાવાડા, રાજ્યભરમાં તા.૧ માર્ચથી ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે મહીસાગર જિલ્લાના છ તાલુકામાં તા.૩૦ સુધીમાં ૯૦૮૭૫ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના ૬(છ) તાલુકામાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના ૧૦૫૨૭૫ લોકો છે. આ સિનિયર સિટીઝનોને કોરોનાની રસી મળી રહે તે માટે જિલ્લાસ કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લ વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્યે અધિકારી ડો. એસ. બી. શાહની દેખરેખમાં મહીસાગર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા તા.૧ માર્ચથી સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવામાં આવી રહી છે. જેમાં અત્યા રસુધીમાં એટલે કે તા. ૩૦મી સુધીમાં ૯૦૮૭૫ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાઇ ગયો છે. જ્યારે બાકીના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવાની કામગીરી ચાલુ છે. સૌથી વધુ લુણાવાડા તાલુકામાં ૨૪૭૯૮ સિનિયર સિટીઝનોએ કોરોનાની રસી લીધી છે. જ્યારે બાલાસિનોર તાલુકામાં ૧૪૨૦૬, ખાનપુર તાલુકામાં ૯૩૯૨, કડાણા તાલુકામાં ૯૪૫૫, વિરપુર તાલુકામાં ૧૧૨૨૬, અને સંતરામપુર તાલુકામાં ૨૧૭૯૮ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લામના સિનિયર સિટીઝનોને કોરોનાની રસી મળી રહે તે માટે ૪૭ સરકારી હોસ્પિટલ ખાતે અને ૦૬ ખાનગી હોસ્પિસટલ ખાતે કોરોનાની રસી આપવામાં આવી રહી છે. જેમાં ૯૦૮૭૫ સિનિયર સિટીઝનોને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાઇ ચુક્યો છે.

મહીસાગર-લુણાવાડાના મુખ્યો જિલ્લાન આરોગ્યઆ અધિકારી ડો. એસ. બી. શાહે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લાના પીએચસી, સીએચસી અને સરકારી દવાખાનામાં ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને વિના મુલ્યે કોરોનાની રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.

કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવાની શરૂઆત તા.૧ માર્ચથી કરવામાં આવી છે. જેમાં માત્ર ૩૦ જ દિવસમાં ૮૬.૩૨ ટકા કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. કોરોના રસીનો પ્રથમ ડોઝ લેનાર સિનિયર સિટીઝનોને બીજા ડોઝ માટે મોબાઇલ નંબર પર એસએમએસથી જાણ કરવામાં આવશે. ત્યારબાદ બીજો ડોઝ લેવાનો રહેશે. કોરોનાની રસી લેનાર સિનિયર સિટીઝનોએ જણાવ્યું હતું કે, કોરોનાની રસીથી કોઇ આડઅસર થતી નથી અને રસી લેવી જરૂરી છે. જેથી કરીને કોરોના સંક્રમણ અટકાવી શકાય. રાજ્ય સરકારના આભારી છીએ કે, પ્રથમ ૬૦ વર્ષથી મોટી ઉંમરના સિનિયર સિટીઝનોને કોરોના રસી આપવાની શરૂઆત કરી છે.

જયારે મહીસાગર જિલ્લાવમાં અગાઉ આરોગ્યે, પોલીસ, આઇ.સી.ડી.એસ. નગરપાલિકા, રેવન્યુવ પંચાયત અને શિક્ષણ વિભાગના કર્મચારીઓ મળી ૧૭૦૬૫ અધિકારી-કર્મચારીઓને કોરોનાની પ્રથમ ડોઝ આપવામાં થતો હતો તે પૈકી ૧૫૪૬૪ અધિકારીઓ-કર્મચારીઓને જિલ્લાલની વિવિધ ૨૨ શાખાઓ દ્વારા રસીકરણની ૯૦.૬૧ ટકા જેટલી કામગીરી પુર્ણ કરવામાં આવી છે. અને ટૂંક સમયમાં જિલ્લાર કલેક્ટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ ૧૦૦ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. આમ, મહીસાગર જિલ્લો કોરોના રસીકરણની કામગીરીમાં અગ્રેસર રહ્યો છે.

ડો. શાહે જિલ્લા ના હજુ પણ સીનીયર સિટીઝનો અને ૪૫ થી ૫૯ વર્ષના ગંભીર બિમારી ધરાવતા હોય તેઓને કોરોનાની રસી મૂકાવી દેવાની અપીલ કરી આ રસીકરણમાં જનતાનો પૂર્ણ સહયોગ અને સહકાર મળશે તેવી આશા વ્યીકત કરી છે.

## મહીસાગર જિલ્લામાં આજે ૧૯ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૧-૦૩-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૩૭૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લીમાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હારત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લાઈમાં અત્યાર સુધીમાં કુલ ૨૧૭૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૩૯ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૮ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૪૬૪૬૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૦ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ-લુણાવાડા, ૧૦૮ દર્દી હોમ આઇસોલેશન, ૫ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૧૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૨૭ દર્દીઓ સ્ટેબલ અને ૧૭ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૪ વેન્ટીલેટર પર છે.

## ગોધરા ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણ ચિંતા જનક સ્તરે

નદીસર, ગોધરા તાલુકા ના પશ્ચિમ વિસ્તારના ગામોમાં મહામારી કોરોનાના કેસોમાં થતો એક ધારો વધારો ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતાનું વાતાવરણ ઉભુ કર્યું છે.

ગોધરા તાલુકાના નદીસર ગામે વધુ બે કેસ પોઝિટિવ આવતા અહીંયા કુલ કેસ ૯ થયા છે. જ્યારે ટીંબા પી.એચ.સી ખાતે પણ હોળી સુધીમાં ૧૦ ઉપરાંત કેસ પોઝીટીવ આવ્યા છે. જૂની ધરી ગામમાં પણ બે કેસ પોઝિટિવ છે. આમ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વધતા જતા કોરોના પોઝિટિવ કેસ અને તેની સામે સ્થાનિક લોકોની બેદરકારી સામે આવી છે. મોટા ભાગના લોકો માસ્ક અને સામાજિક અંતરની ધરાર અવગણના કરતા જોવા મળી રહ્યાં છે. તે કોરોનાના કેસમાં વધારો કરશે તે નક્કી છે. આ તરફ આરોગ્ય વિભાગ દ્વારા પણ લોકો ને ટેસ્ટીગ કરાવવા અપીલ કરી છે અને વેક્સિન લેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

## કાલોલ અલિન્દ્રા ચોકડી પાસે સ્ટેટ મોનીટરીંગ સેલ ૩.૫૨ લાખનો દારૂ ઝડપ્યો

કાલોલ, કાલોલ અલિન્દ્રા ચોકડી પાસે થી સ્ટેટ મોનીટરીંગ સેલ એ બાતમીના આધારે વોચ ગોઠવી ખાનગી વાહનો ચેકીંગ હાથ ધર્યું હતું. મારૂતી અટીવેગા ગાડીમાં ક્પડા નીચે સંતાડી લઈ જવાતો ૩,૫૨,૪૨૦/-રૂપીયા દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ અલિન્દ્રા ચોકડી પાસે સ્ટેટ મોનીટરીંગ સેલ એ બાતમીના આધાર વોચ ગોઠવી હતી. ખાનગી વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું. બાતમીવાળી ગાડી કાળા કલરની મારૂતી અટીવેગા ગાડીને ઉભી રાખી તપાસ કરતાં ગાડીમાં ક્પડા નીચે સંતાડી



ભારતીય બનાવટનો પાસ પરમીટ વગરનો દારૂ બીયર મોટી બોટલ નંગ-૨૩૪૯ કિંમત ૩,૫૨,૪૨૦/-રૂપીયા, રોકડ રૂપીયા ૨,૩૭૦/-, મોબાઈલ ફોન નંગ-૩ રૂા. ૧૦,૫૦૦ ગાડી મળીને ૧૪,૬૫,૨૯૦/-રૂપીયા મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### બાલાસિનોર દેવ ચોકડી પાસે બાઈક મુકવા બાબતમાં

## કિંગ ગ્રુપના આરોપીઓએ મારક હથિયારો સાથે ધસી આવી હુમલો કરતા બે ને ઈજાઓ

બાલસિનોર, બાલાસિનોરની દેવ ચોકડી પાસે ઘરેથી મોટર સાયકલ પર રાકેશ ચૌહાણ(રહે.દેવપાલીખંડા) તથા તેનો ફોઈનો દિકરો સુરેશ ચૌહાણ પાન-બીડીના ગલ્લા ઉપર ગયા હતા ત્યારે હિમાંશુ ઠાકોરે રાકેશને કહ્યુ કે, આ મોટર સાયકલ કેમ વચ્ચે મુકેલી છે તેમ કહી ગાળો બોલતા રાકેશે ગાળો બોલવાની ના પાડતા કહેવાતા કિંગ ગ્રુપના સહ આરોપીઓ મારક હથિયારો સાથે મારી નાંખવાના ઈરાદે હિંમાશુએ પાઈપ વડે હુમલો કરી માથાંના ભાગે મારવા જતા રાકેશ ખસી જતા પાઈપના ફટકા મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તથા પુષ્કર ઉર્ફે પાપડ રયજી પગીએ સ્ટમ્પ વડે રાકેશને માથામાં મારવા જતા રાકેશના ફોઈનો છોકરો સુરેશ છોડાવવા પડતા ઈન્દ્રજીત ચૌહતણે બેટ વડે સુરેશને માથામાં મારવા જતાં જમણી આંખ નજીક થયેલી તથા પ્રતિક ઉર્ફે પસો રયજી પગીએ સ્ટમ્પ લઈ રાકેશને ઉપરા છાપરી ફટકા મારતા રાકેશ ખસી જતા કહેવાતા કિંગ ગ્રુપના સભ્યોએ રાકેશને તથા સુરેશને મારી નાંખવાના ઈરાદે ગંભીર પ્રકારની ઈજાઓ કરી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા બુમાબુમ કરતા નજીકમાંથી પ્રકાશભાઈ તથા મિત્ર મુકેશભાઈ રૂપાભાઈ ચૌહાણ દોડી આવતા રાકેશને તથા સુરેશને વધુ મારથી છોડાવી બંનેને સારવાર માટે બાલાસિનોર સરકારી દવાખાને દવા સારવાર માટે ગયેલા જેમાં સુરેશને આંખ નજીક વધુ ઈજા થયેલી હોય વધુ સારવાર માટે કે .એમ.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. અને કહેવાતા કિંગ ગ્રુપના સભ્યો વિરુદ્ધ બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### લુણાવાડાના LICના વીમા એજન્ટ દ્વારા

## ગ્રાહકોના પ્રિમીયમના ૪.૪૧ લાખ ઉઘરાવી વાપરી નાંખતા બ્રાંચ મેનેજર દ્વારા ફરિયાદ

લુણાવાડા, લુણાવાડા ભારતીય જીવન વિમા નિગમના બ્રાંચ મેનેજરે અલગ અલગ ગ્રાહકોના વિમાના પ્રિમીયમના રૂપિયા ઉઘરાવી રૂ.૪,૪૧,૦૦૦થી વધુની રકમની અંગત ઉપયોગમાં વાપરી નાંખનાર એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભારતીય વિમા નિગમના બ્રાંચ મેનેજર ડી.કે.ગામિતે નિગમની વિભાગીય કચેરીથી મળેલ અધિકાર પત્રથી વિમા એજન્ટ રંજીતાકુમારી કામેશ્વર ચોરસીયા (રહે.સરદાર પટેલ સોસાયટી-૨,સપના માર્બલ પાસે મોડાસા રોડ,લુણાવાડા, કાયમી સરનામુ મુ.ભાગકોહલ્લા, પો.ફોરબેસગંજ જિ.અરાઈયા બિહાર)વિરુદ્ધ લુણાવાડા પોલીસ મથકે ૧૯ નિગમના ગ્રાહકોના નિયમ મુજબના રૂ.૨,૬૯,૦૨૪.૩૮/-પૈસા રોકડા તથા રૂ.૨,૨૨,૮૪૧/-ચેકથી નાણાં ઉઘરાવ્યા જેમાં રૂ.૪,૪૧,૮૬૫.૩૮/-અંગત ઉપયોગમાં વાપરી નાંખી ઉચાપત કરી ગુનો કર્યા અંગે ફરિયાદ નોંધાઈ છે.

## રેલ્વેમાં રાત્રે મુસાફરી દરમ્યાન મોબાઈલ કે લેપટોપ ચાર્જ કરી શકાશે નહિ



ન્યુ દિલ્હી, મોટાભાગના રેલયાત્રી ટ્રેનમાં સવાર થતા જ પોતાના મોબાઈલ કે લેપટોપને ચાર્જિંગમાં મુકી દેશે. જો તમને પણ ઘરથી નિકળતા મોબાઈલ-લેપટોપ ફૂલ ચાર્જ કરવાની જગ્યાએ ટ્રેનમાં ચાર્જિંગ કરવાની આદત છે તો હવે તેને બદલી નાખો. હકિકતમાં ભારતીય રેલવેએ પોતાના કેટલાક નિયમોમાં ફેરફાર કરી દીધો છે. જેના કારણે જેથી યાત્રી હવે રાત્રે મુસાફરી દરમિયાન પોતાનો મોબાઈલ કે લેપટોપ ટ્રેનમાં ચાર્જ કરી શકશે નહીં. રેલવેનું કહેવુ છે કે, આ નિર્ણય ટ્રેનમા આગ અને ચોરીની ઘટના અટકાવવા માટે લેવામાં આવ્યો છે. રેલવેના જણાવ્યા પ્રમાણે હવે ટ્રેનોમાં મોબાઈલ ચાર્જિંગ માટે ટાઈમ ટેબલ નક્કી કરી દેવામાં આવ્યું છે. જેથી હવે રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ વાગ્યાની વચ્ચે ચાર્જિંગ પોઈન્ટમાં વીજળી બંધ રહેશે. તેનાથી રાત્રે યાત્રા દરમિયાન મોબાઈલ ચોરી, મોબાઈલ બ્લાસ્ટ અને આગ લાગવા જેવી ઘટના નહી બને.આ નિયમને કેટલીક ટ્રેનમાં લાગુ કરી દેવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, ૧૩ માર્ચ ૨૦૨૧ના રોજ દિલ્હી-દેહરાદૂન શતાબ્દી એક્સપ્રેસમાં આગ લાગી હતી. આ આગ એક કોચથી શરૂ થઈ અને જોત જોતામાં ૭ કોચ સુધી ફેલાઈ ગઈ હતી. જો કે આ આગમાં કોઈ યાત્રીને નુકશાન પહોંચ્યુ નહોતું. આ ઘટનાને રેલવેને ચોકાવી દીધી હતી. ત્યાર બાદ રેલવે દ્વારા કડકાઈ બતાવવામાં આવી છે. ભારતીય રેલ્વેએ યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને ૧ એપ્રિલ ૨૦૨૧થી કેટલાક રૂટ પર નવી ટ્રેન ચલાવવાની યોજના બનાવી છે. દેશમાં ફરી વધતા કોરોના સંકટને ધ્યાનમાં રાખીને રેલવે સોશિયલ ડિસ્ટન્સિંગનું પુરૂ ધ્યાન રાખી રહી છે. રેલવેએ ટ્રેનમાં ભીડ રોકવા માટે અને લોકોને સરળતાથી સીટ ઉપલબ્ધ કરાવવા માટે કેટલીક નવી ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૧-૦૪-૨૦૨૧, ગુરૂવાર, ફાગણ વદ-૪, સૂર્યોદય-૬-૧૧, સૂર્યાસ્ત-૬-૩૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા, અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૧.૦૪.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- તમારી મહેનત જરૂર સફળતા અપાવશે નવી યોજનામાં અનુકુળતા અંધશ્રધ્ધાથી દૂર રહેજો.

વૃષભ(બ.વ.ઉ.) :- કર્મચારી વર્ગનો સહકાર મલવાનો. વિદેશથી લાભ મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. નોકરીમાં કાર્યભાર રહે.

મિથુન(ક.છ.ઘ.) :- તમારા ધ્યેયને યોગ્ય દિશામાં વાળવાથી સફળતા મલવાની. આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસથી લાભ રહે.

કર્ક(ડ.હ.) :- સામાજીક સ્તરે તમો છપાયેલા રહેવાના નોકરીમાં લાભ સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. માતુશ્રીનો સહકાર રહે.

સિંહ(મ.ટ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું નોકરીમાં પ્રમોશનના ચાન્સ રાજકીય લાભ મલવાનો. મિલ્કતથી લાભ રહેશે.

કન્યા(પ.ઠ.ણ.) :- સીઝનલ ધંધામાં અનુકુળતા રહેવાની પિતાશ્રીનો સહકાર સાર રહે. યાત્રા પ્રમાણમાં અનુકુળતાઓ રહેશે.

તુલા(ર.ત.) :- માનસીક અશાંતિ માટેના કારણો જાણવાની કોશીષ કરવી જરૂર શાંતી મલશે. વાણી ઉપર સંયમ રાખવો પ્રવાસ થાય.

વૃશ્ચિક(ન.ય.) :- ઉત્સવ મોજ વસ્તીમાં સમય ન બગડાતા તમારા કાર્યોને વળગી રહેજો વિદેશ જવાની તક માટે સારો સમય રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ મેળવવાના તમારા પ્રયત્નો ફળવાના જેમાં શંકા ન રાખતા સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. મિલકતથી લાભ.

મકર(ખ.જ.) :- પરમાત્માની કૃપા હશે તો દરેક અધરા કાર્યોમાં પણ સફળતા મેળવશો તે ન ભુલતા. મિત્ર વર્તુળોનો સહકાર સારો રહેશે.

કુંભ(ગ.શ.સ.) :- વહેવારૂ અભિગમ અપનાવજો શેર સટ્ટામાં લાભ રહેશે. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે. તબીયત બાબત જાળવવું.


મીન(દ.ચ.ઝ.) :- અંગત વિચારોને વળગી રહેજો. અહિ તમારા વિચારો તમારી જીવનશૈલીને અનુરૂપ હોવા જોઈએ નોકરીમાં કાર્યભાર રહે.

### કાશ્મીરમાં કલમ-૩૭૦ નાબૂદી બાદ ટ્રેડ ઠપ્પ હતો

## પાકિસ્તાનની ઈમરાન સરકારે ભારતથી કૉટન અને ખાંડની આયાતને મંજૂરી આપી

ઈસ્લામાબાદ, પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે ભારતથી કૉટન અને ખાંડની આયાતની મંજૂરી આપી દીધી છે. પાકિસ્તાનની કેબિનેટ આર્થિક સમન્વય સમિતિએ બુદવારે ભારત સાથે વેપાર કરવાની મંજૂરી આપી દીધી છે. પાકિસ્તાન ૩૦ જૂન ૨૦૨૧થી ભારત પાસેથી કોટનની ખરીદી કરશે. મીડિયા રિપોર્ટ





અનુસાર પાકિસ્તાનની સરકારે ખાનગી ક્ષેત્રને ભારત પાસેથી ખાંડની ખરીદી કરવા માટે મંજૂરી આપી દીધી છે.

પાકિસ્તાને વર્ષ ૨૦૧૯માં ભારતથી કૉટન અને અન્ય કૃષિ ઉત્પાદોની આયાત પર પ્રતિબંધ લાદી દીધો હતો. સૂત્રો અનુસાર પાકિસ્તાન ખાંડની વધતી કિંમતો અને સંકટો સામે જઝૂમી રહ્યું છે સાથે જ કપડાના ઉદ્યોગને બચાવવા માટે પાકિસ્તાનની ઈમરાન સરકારે ભારત સાથે ફરીથી વેપાર શરૂ કરવા માટે મંજૂરી આપી દીધી છે. બંન્ને દેશોમાં તણાવભર્યા સંબંધો વચ્ચે આ પાકિસ્તાનનો ભારત સાથે સબંધ સુરવાની દિશામાં મોટો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે.

આ પહેલા ઓગસ્ટ ૨૦૧૯માં જમ્મૂ-કાશ્મીરનો એક વિશેષ દરજ્જો ખતમ કર્યા બાદ પાકિસ્તાને ભારત સાથેના તમામ સંબંધો તોડી નાંખ્યા હતા. પાકિસ્તાન સરકાર ખાંડ અને કૉટનની આયાત એવા સમયે કરવા જઈ રહી છે, જ્યારે બંન્ને વસ્તું માટે પાકિસ્તાન જઝૂમી રહ્યું છે. પાકિસ્તાન સરકારનો આ નિર્ણય બંન્ને દેશો વચ્ચે સામાન્ય થતા સંબંધોની શરૂઆત માનવામાં આવે છે.

આ દરમિયાન પાકિસ્તાનનાં પ્રધાનમંત્રી ઈમરાન ખાને પોતાના ભારતીય સમકક્ષ નરેદ્ર મોદીને એક પત્ર લખીને કહ્યું કે, જમ્મૂ-કાશ્મીર સહિતના મુદ્દા બંન્ને દેશો વચ્ચે લાંબા સમયથી તમામ મુદ્દાઓનું સમાધાન કરવાને લઈ સાર્થક અને પરિણામ આવતી વાર્તા માટે અનુકૂળ માહોલ બનાવવો જરૂરી છે. ખાને આ પત્ર પાકિસ્તાન દિવસના અવસરે ગત અઠવાડિયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેમને મોકલેલ શુભેચ્છાના જવાબમાં લખ્યો છે.

પીએમ મોદીએ પોતાના પત્રમાં લખ્યું હતું કે, પાકિસ્તાન સાથે ભારત સૌહાર્દપૂર્ણ સંબંધોની આકાંક્ષા રાખે છે, પરંતુ વિશ્વાસનું વાતાવરણ, આતંક અને વેર રહિત માહોલ આ માટે અનિવાર્ય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પત્રના જવાબમાં ખાને તેમનો આભાર માન્યો છે અને કહ્યું છે કે, પાકિસ્તાનનાં લોકો ભારત સહિત તમામ પાડોસી દેશો સાથે શાંતિપૂર્ણ સહયોગી સંબંધની આકાંક્ષા કરે છે.

### જિલ્લાના બે ના.મામલતદાર અને આર્યુવૈદિક હોસ્પિટલના એચઓડી કોરોના સંક્રમિત

## રાજકોટમાં કોરોના અનસ્ટોપેબલઃ ૨૪ કલાકમાં ૯ પોઝિટિવ દર્દીના મોત

રાજકોટ, રાજકોટમાં પ્રતિબંધિત હોળી-ધૂળેટી પૂર્ણ થયા બાદ કોરોના વકર્યો છે. દરરોજ ૧૦થી ૧૫ પોઝીટીવ કેસ આવતા હતા. તેની જગ્યાએ રોજ ૧૫૦થી ૨૦૦ કેસ આવવા લાગતા મનપા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા ટેસ્ટીંગ અને રસીકરણની કામગીરી વધુ તેજ બનાવી છે. રાજકોટમાં આજે બપોર સુધીમાં ૮૦ કેસ નોંધાયા છે જયારે કોરોનાથી ૯ દર્દીના મોત નિપજ્યા છે. જોકે, આખરી નિર્ણય ડેથ ઓડિટ કમિટી લેશે. કોરોના કેસની સાથોસાથ આજે રાજકોટમાં



મોતમાં પણ વિસ્ફોટ થયો છે. આથી આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧૯૦૦૧ ને પર થઈ ગઈ છે. રાજકોટમાં લોકોની સાથે કોરોનાના સકંજામાં હવે ફ્રન્ટલાઈન વોરિયર્સ પણ સંક્રમિત થઈ રહ્યા છે.

હાલ જમીન સંપાદન કચેરીના નાયબ મામલતદાર હિમાંશુ રાવલ અને ધોરાજીના નાયબ મામલતદાર વત્સલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નાયબ મામલતદાર હિમાંશુ રાવલ આવતીકાલે નિવૃત થાય તે પહેલાં જ તેઓ કોરોનાની ઝપટે ચડ્યા છે. તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા કચેરીમાં કામકાજ બંધ રાખવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આજ સુધીમાં મહેસુલ વિભાગમાં અંદાજિત ૪૦ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. આ ઉપરાંત રાજકોટ આર્યુવૈદિક હોસ્પિટલના ઉંઢ અને જાણીતા વૈધરાજ ડો.જયેશ પરમાર પણ તેમના પુત્ર અને પુત્રીનો સાથે કોરોના સંક્રમિત થયા છે. હાલ તેઓ પરિવારજનો સાથે હોમ ક્વોરન્ટાઇન થયા છે.

રાજકોટમાં સામાન્ય જનતાની સાથે કોરોનાના સકંજામાં હવે રાજકીય આગેવાનો પણ સંક્રમિત થઈ રહ્યા છે. હજુ થોડા દિવસ પહેલા રાજ્યસભાના સાંસદ સ્વ. અભય ભારદ્વાજના પુત્રી અમૃતા તથા નીતિનભાઈના પત્નિ વંદનાબેન અને મોટા પુત્ર નિયંતનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેથી તેઓ હોમ આઈસોલેટ થયા હતા. આ ઉપરાંત મનપાના પૂર્વ વિરોધપક્ષ નેતા વશરામ સાગઠિયા કોરોના સંક્રમિત થતા તેઓ હાલ હોમ આઈસોલેટ થયા હતા. આ ઉપરાંત મનપાના પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન ઉદય કાનગડ કોરોના સંક્રમિત થતા હોમ ક્વોરન્ટાઇન થયા છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીઆ, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદમાં આજથી ૪૫ કે તેથી વધુ વયના તમામ વ્યક્તિઓને કોરોનાની રસી અપાશે

દાહોદ,

રાજ્યમાં આગામી તા. ૧ એપ્રીલ, ૨૦૨૧ થી ૪૫ થી વધુ વયજુથના તમામ લોકોના કોવીડ વેક્સિનેશનની શરૂઆત થવાની છે ત્યારે દાહોદ જિલ્લામાં પણ તા. ૧ એપ્રીલથી આ વયજુથના તમામ લોકો કોરોનાની રસી લઇ શકશે, આ માટે કોમોર્બીડના હોવાના પ્રમાણપત્રની કોઇ જરૂરત નથી તેમ કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું કે, આવતી કાલ તા. ૧ એપ્રીલ, ૨૦૨૧ થી ૪૫ થી ૫૯ વયજુથના તમામ લોકોને કોવીડ રસીકરણની શરૂઆત થઇ રહી છે. ખાસ કરીને ૪૫ કે તેથી વધુ વયના વ્યક્તિઓને આ માટે અગાઉ કોમોર્બીડ હોવાના સર્ટીફીકેટની જરૂર પડતી હતી. તે સર્ટીફીકેટ હવે જરૂરી નથી. આ વયજુથના તમામ લોકો કોરોનાની રસીનો લાભ લઇ શકશે. દાહોદ જિલ્લામાં જયાં રસીકરણ કરવામાં આવી રહ્યું છે, દાહોદની ઝાયડસ હોસ્પીટલ કે પબ્લીક હેલ્થ સેન્ટર કે સબસેન્ટર જે નક્કી કરવામાં આવશે ત્યાં રસીકરણની શરૂઆત કરવામાં આવશે. આ માટે કોવીડના પોર્ટલ પર રજીસ્ટ્રેશન પણ આગામી ૧ એપ્રીલથી શરૂ કરવામાં આવશે. માટે આ વયજુથના તમામ લોકોએ ઝડપથી કોરોનાની રસીનો લાભ લેવો જોઇએ.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અત્યારે દાહોદમાં રસીકરણ ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં જેમનાં કેસો વધુ આવી રહ્યાં છે. જે સુપર સ્પ્રેડર કેટેગરીમાં આવે છે. જેઓ મેડીકલ સ્ટોર ચલાવે છે. શાકભાજીની દુકાન, ઓટોરીક્ષા ચલાવતા, કરીયાણાંની દુકાન, કાપડ કે જવેલર્સની દુકાન કે બેન્ક, ટપાલ ખાતું કે અન્ય કોઇ પણ સરકારી ઓફિસોમાં કામ કરી રહ્યાં છે. તેમાંથી ઘણાં લોકો પોઝિટિવ આવે છે અને કોરોના થવાની મોટી શક્યતા છે તે તમામ લોકો જેમની ઉંમર ૪૫ કે તેથી વધુ હોય તેઓ સત્વરે આ રસીકરણનો લાભ લઇ લે.

## દે.બારીઆ નગર પાલિકાના વોર્ડ નં.૬માં પીવાના પાણીની પાઈપ લાઈનમાં પ્રદુષિત પાણી ભળી જતું કોણ અટકાવશે ?

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં નગર પાલિકા હસ્તક પીવાનો પાણીનો પુરવઠો આંતરે દિવસે પુરો પાડવામાં આવે છે પરંતુ છેલ્લા કેટલાક વર્ષથી વોર્ડ નં.૬માં પારેખ શેરી તથા કસ્બા ગલાલીયા કુવાની લાઈનમાં તેમજ જાની ફળીયામાં પીવાની પાણીની પાઈપ લાઈનમાં ગટરનું પ્રદુષિત ગંધ મારતું ભળી જતું હોય છે અને આ અંગે નગર પાલિકાના પાણી પુરવઠા વિભાગમાં લેખન તથા મૌખિક જાણ કરવામાં આવી હોવા છતાં આ પ્રદુષિત પાણીની સમસ્યા જ્યાંની ત્યાં જ છે. પ્રમુખની ખેંચતાણમાં શહેરનો વિકાસ રુંધાયો છે. તે બધા જ સભ્યો જાણે છે. ઉઠવા ત્યાંથી સવાર સમજીને હાલમાં નવા નિમાયેલ મહિલા પ્રમુખ ડાૅ. ચાર્મીબેન સોની આ પ્રદુષિત પાણી અંગેની જુની સમસ્યાને હલ કરે તેવી આમ જનતાની માંગ છે. જ્યારે તાડ ફળીયામાં નવિન પાઈપ લાઈન નાખી છે. તેને સ્વચ્છ ચોખ્ખું પીવાનું પાણી મળી રહે અને ફોર્સ સાથે મળે તેવી પાઈપ લાઈનમાં જોઈન્ટ કાર્ય હાથ ધરવામાં આવે આવતા દિવસોમાં પવિત્ર રમઝાન માસ આવતો હોવાથી વોર્ડ નં.૬માં પીવાનું પાણી ચોખ્ખું સમયસર અને ફોર્સ સાથે મળે તેવી નવા મહિલા પ્રમુખ પાસે આમ મહિલાઓની આશા છે. શું ? પવિત્ર રમઝાન માસ પહેલા આ સમસ્યા હલ થશે ખરી. તે તો આવનારો સમય જ બતાવશે.

## દાહોદ જિલ્લામાં રાજ્યની સરહદેથી પ્રવેશ કરનાર દરેક વ્યક્તિનો આરટીપીસીઆર ટેસ્ટ નેગેટિવ ફરજીયાત જોઇશે

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશતા લોકો માટે આરટીપીસીઆર ટેસ્ટ ફરજીયાત કરવામાં આવ્યો છે. ત્યારે આ સંદર્ભે કલેક્ટર વિજય ખરાડીએ દાહોદ જિલ્લામાં અન્ય રાજ્યોમાંથી દાહોદમાં પ્રવેશતા લોકો માટે આરટીપીસીઆર ટેસ્ટ જે ૭૨ કલાકમાં કરેલો હોવો જોઇએ અને નેગેટીવ હોવો જોઇએ તો જ જિલ્લામાં પ્રવેશ મળશે તેમ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું કે, તા. ૧ એપ્રીલ, ૨૦૨૧ થી ગુજરાત સરકારના આરોગ્ય અને કુંટુંબ કલ્યાણ વિભાગ દ્વારા એપિડેમિક ડિસિઝ એક્ટ એટલે કે રોગચાળા નિયત્રંણ કાયદા અંતર્ગત કેટલાંક પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે. આગામી તા. ૧ એપ્રીલની મધરાતથી જે લોકો અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં પ્રવેશે છે, ખાસ કરીને જિલ્લાની વાત કરીએ તો રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી લોકો દાહોદમાં પ્રવેશતા હોય છે. ત્યારે જે પણ અન્ય રાજ્યોમાંથી દાહોદ જિલ્લામાં પ્રવેશે છે તે તમામ લોકોએ આરટીપીસીઆર ટેસ્ટ ફરજીયાત કરેલો હોવો જોઇએ તેમજ ૭૨ કલાકની અંદરનો રિપોર્ટ હોવો જોઇએ, રિપોર્ટ નેગેટિવ હોવો જોઇએ, તો જ તેઓ દાહોદ જિલ્લામાં પ્રવેશ કરી શકશે. આ ઉપરાંત દાહોદ જિલ્લામાં સરહદેથી પ્રવેશ કરનાર સૌનું મેડીકલ સ્ક્રિનિંગ પણ કરવામાં આવશે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે મોડી સાંજે આરોગ્ય તંત્ર દ્વારા કોરોના પોઝીટીવના આંકડા બહાર પાડતાં આજે એક સાથે ૧૯ કોરોના પોઝીટીવ દર્દીઓનો વધુ સમાવેશ થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૩૧૫૧ને પાર થઈ ચુંક્યો છે. સત્તાવાર મળતી માહિતી પ્રમાણે આજે કોરોનાથી ૦૨ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૩૮૩ પૈકી ૧૭ અને રેપીટ ટેસ્ટના ૧૫૭૭ પૈકી ૦૨ મળી આજે કુલ ૧૯ કોરોના પોઝીટીવ દર્દીઓનો સમાવેશ થયો છે. આ ૧૯ પૈકી દાહોદ અર્બનમાંથી ૧૦ કેસનો સમાવેશ થયો છે જ્યારે દાહોદ ગ્રામ્યમાંથી ૦૩. આ જોતા લાગી રહ્યું છે કે, દાહોદ શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે અને આ એક ચિંતાનો વિષય પણ છે ત્યારે ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, લીમખેડામાંથી ૦૩, સીંગવડમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે હોસ્પિટલમાંથી એકસાથે ૧૮ દર્દીઓને રજા પણ આપવામાં આવી હતી પરંતુ તેની સાથે સાથે એક્ટીવ કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. એક્ટીવ કેસોની સંખ્યા ૧૭૪ને પાર પહોંચી ગઈ છે ત્યારે આજે બે દર્દીઓના મોતને પગલે પરિવારમાં માતમ છવાયો હતો અને આમ, જિલ્લામાં અત્યાર સુધી મૃતકોની સંખ્યા ૧૦૪ને આંબી ગઈ છે.

## ગોધરા તાલુકાના બેટીયા ગામની સીમમાં લાયસન્સવાળી બંદુક માંથી ફાયરીંગ કરી જાહેરનામાનો ભંગ કરતાં આરોપીને ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના બેટીયા ગામની સીમમાં ગોધરાના રહિશ પોતાની લાયસન્સવાળી બંદુક સાથે નીકળ્યા હતા. અને એક રાઉન્ડ ફાયર કરીને જાહેરનામાનો ભંગ કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરમાં રહેતા અહેમદ ઈસ્માઈલ હાજીયા પોતાની ગાડી નં.જીજે.૧૧.બીકયુ.૭૭૩૪ માં પોતાની લાયસન્સવાળી બંદુક લઈને બેટીયા ગામની સીમમાં નીકળ્યા હતા અને જંગલ નજીક એક રાઉન્ડ ફાયર કરીને જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો હતો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસે આરોપીને અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આજથી અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી ચાલકો પાસે પાર્કિંગ ચાર્જ ઉઘરાવવામાં આવશે

અમદાવાદ,

કોરોના કાળમાં હવે અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી ચાલકોની મુશ્કેલી વધી ગઈ છે. આવતીકાલ (૧ એપ્રિલ)થી હવે અમદાવાદ એરપોર્ટ પર ટેક્સી ચાલકો પાસે પાર્કિંગ ચાર્જ ઉઘરાવવામાં આવશે. અમદાવાદ એરપોર્ટના ખાનગીકરણ બાદ ટેક્સી ચાલકોને મુશ્કેલી સામનો કરવો પડી રહ્યો છે. આપને જણાવી દઈએ કે ફરી એકવાર બે મહિનામાં પાર્કિંગ ચાર્જમાં વધારો કરાયો છે.



૫ મિનિટના સમય બાદ ટેક્સી ચાલકોને ૧૫૦ રૂપિયા ચાર્જ ચૂકવવાનો રહેશે.

પહેલી એપ્રિલથી નવા ભાવ અમલી બનશે જેમાં ૩૦ મિનિટ સુધી બસ પાર્ક કરવાના કરવાના ૫૦૦ રૂપિયા ચાર્જ ચૂકવવો પડશે. બે કલાક સુધી પાર્ક કરવા માટે ૮૦૦ રૂપિયા અને ૨૪ કલાક પાર્ક કરવા માટે ૩ હજાર રૂપિયાનો ચાર્જ ચૂકવવો પડશે. મિની બસ માટે ૩૦ મિનિટના ૩૦૦ રૂપિયા, બે કલાકના ૫૦૦ રૂપિયા અને ૨૪ કલાક પાર્ક કરવા માટે ૧,૮૭૫ જેટલો ચાર્જ ચૂકવવો પડશે. પ્રાઈવેટ કારના ૩૦ મિનિટ માટે ૯૦ રૂપિયા, બે કલાકના ૧૫૦ રૂપિયા અને ૨૪ કલાક પાર્ક કરવા માટે ૧૯૦ રૂપિયા ચાર્જ ચૂકવવો પડશે. (તસવીર: પાર્કિંગ ચાર્જ પહેલા અને પછી)

કાર્ગો માટે આવતા વાહનો માટે પણ પાર્કિંગના નવા ભાવ અમલી બનશે. ચાર કલાક ઓટો પાર્કિંગ કરવામાં માટે ૧૫૦ રૂપિયા અને ૨૪ કલાક માટે ૧સ૧૫૦ રૂપિયા ચૂકવવા પડ શે. ટ્રક ચાર કલાક પાર્ક કરવા માટે ૨૦૦ રૂપિયા અને ૨૪ કલાક પાર્ક કરવા માટે ૧,૨૦૦ ચૂકવવા પડશે. ટુ-વ્હીલર પાર્ક કરવા માટે ૪ કલાકના ૧૦૦ રૂપિયા જ્યારે ૨૪ કલાક પાર્ક કરવા માટે ૬૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે.

## મહિલાઓ-બાળકોમાં કોરોનાનો ચેપ ઝડપથી પ્રસર્યો છેઃ IMA બ્રાંચના પૂર્વ પ્રમુખનું નિવેદન

અમદાવાદ,

ગુજરાતમાં કોરોનાએ ફરી વાર માથું ઊંચકતા તબીબો ચિંતામાં મુકાયા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનની ગુજરાત બ્રાંચના પૂર્વ પ્રમુખ ડો. ચંદ્રેશ જરદોશે જણાવ્યું હતું કે, અત્યારે મહિલાઓ અને બાળકોમાં પણ કોરોનાનો ચેપ ઝડપથી પ્રસર્યો છે. કોરોનાથી બચવા માટે લોકોમાં હર્ડ ઈમ્યુનિટી આવે તે માટે વધુમાં વધુ લોકોને રસી આપવી જોઈએ. તેઓએ આગળ જણાવ્યું કે, ૧૮થી વધુ વયના લોકોને પણ રસી આપવી જોઈએ. રસીથી કોઈ નુકસાન નથી. જો રસી લીધી હશે અને માની લો કે એ પછી કોરોના થશે તો તબિયત સ્થિર રહી શકશે. મોટા ભાગે હોસ્પિટલમાં દાખલ થવું નહીં પડે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન સાથે સંકળાયેલા તબીબોએ કહ્યું કે, સરકારે કોવિડ વેક્સિનેશન સેન્ટરની સંખ્યા વધારવી જોઈએ. અત્યારે રસી સરકારમાં જ મળે છે. જો કે ઓપન માર્કેટમાં રસીની વ્યવસ્થા થવી જોઈએ. ૫૦-૬૦ ટકા જેટલા લોકોમાં વેક્સિનેશન થશે તો હર્ડ ઈમ્યુનિટી મેળવવામાં સફળ થઈ શકીશું. અને આ મહામારી સામે બધા ઝડપભેર બહાર આવી શકશે. રસીનું ઉત્પાદન વધારવાની જરૂરિયાત છે. સાથે જ રસીનો બગાડ અટકે તે દિશામાં સરકારે પગલાં ભરવાની જરૂર છે. અત્યારે ૧૦ વાયલ આવે છે તેને બદલે પાંચની બનાવવી જોઈએ. કારણ કે સાત લોકો રસી માટે આવે તો બાકીની રસીનો બગાડ થતો હોવાનું સામે આવ્યું છે.

## દાહોદ જિલ્લાના ચાર તાલુકામાં ડુંગરો ઉપર આગ લાગવાની ઘટનાથી વન વિભાગ દોડતુ થયુ

દાહોદ,

આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં ૮૧ હજાર હેકટરમાં જંગલ વિસ્તાર છે. હોળીના પર્વ ટાંણે ડુંડર નવડાવવા સહિતની વિવિધ પ્રથા કે અકસ્માત જે કંઈપણ હોય પરંતુ જિલ્લાના એક નહિ પરંતુ ચાર તાલુકામાં ડુંગરો પર આગની ઘટનાએ વન વિભાગને દોડતુ કરી દીધુ હતુ.

સાગટાળાથી દે.બારીઆ વચ્ચેના ડુંગરોમાં બામરોલી, ફાંગીઆ, ઝાબ, સેવનિયા, સહિતના ગામોમાં દાવાનળ ફાટ્યો હતો. જિલ્લામાં સીંગવડ, સંજેલી, અને ધાનપુર તાલુકામાં પણ ડુંગરો ઉપર આગ ફાટી નીકળી હતી. વન વિભાગની ટીમે સ્થાનિકોને સાથે રાખીને પાણી પહોંચાડી શકાય ત્યાં પાણીનો મારો કરીને અને બીજા સ્થાને લીલા પાન વાળી ઝાડુ બનાવીને તેના થકી આગ ઓલાવવામાં સફળતા મેળવી હતી. પાનખરને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. ડુંગરો ઉપર મહુડા, સાદડ, બીઓ, મોદળ, કાકડિયા, સહિતના વૃક્ષો થાય છે ત્યારે આ વૃક્ષોને નુકસાન સાથે સર્પ સહિતના જીવજંતુઓ પણ મોટી સંખ્યામાં આગમાં હોમાઈ ગયા હોવાની આશંકા છે.

## ધાનપુરના રાછવા ગામે ઉછીણા પૈસા નહિ આપતા ઉશ્કેરાઈને મારામારી કરતા ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના રાછવા ગામના રાજુભાઈ રામસિંગભાઈ નીનામાં તેમના કુટુંબી મુકેશ નીનામાં તેની પાસે આવી પાંચ હજાર રૂપિયા ઉછીણા માંગતા રાજુભાઈએ નહિ આપતા મુકેશ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન રાજુભાઈની માતા મંગીબેને તેમના ભાઈ ઈશ્વર દોડી આવતા રાજુભાઈના ઘરમાં પડેલ કુહાડી રાજુભાઈને મારવા જતાં ઈશ્વરભાઈ વચ્ચે છોડાવવા પડતાં કુહાડીની મુદર વાગી જતાં ચામડી ફાટી જતાં લોહિલુહાણ થઈ ગયા હતા. તેમજ રમેશ શનુ તથા અર્જુન રમેશ, કાલમ શનુ, હાથમાં લાકડીઓ લઈ ગાળો બોલતા આવી મંગીબેન તથા ઈશ્વરભાઈને લાકડીઓ વડે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા હુમલાખોરો વિરુદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પંચમહાલ જીલ્લામાં કોરોનાનો રાફડો ફાટયો : આજરોજ ૨૮ પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોનાનો રાફડો ફાટ્યો છે. પ્રતિદિન જે ગતિથી કોરોના કેસ વધી રહ્યા છે. જેને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે લોકો માસ્કનો અવશ્ય ઉપયોગ કરે તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે જરૂરી છે. આજરોજ જીલ્લામાં ૨૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૮ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના રોકેટ ગતિથી વધી રહ્યો છે. આરોગ્ય તંત્ર દ્વારા

**પંચમહાલ જીલ્લામાં કોરોનાના કેસ**

ગોધરા -૧૮
ગોધરા ગ્રામ્ય -૦૪
હાલોલ - ૦૧
કાલોલ - ૦૪
શહેરા - ૦૧

શહેરમાં કોરોના કહેરને જોતાં સંક્રમણની ચેન તોડવા માટે કન્ટેનમેન્ટ એરીયા જાહેર કરવામાં આવ્યા છે. જીલ્લામાં વધી રહેલા કોરોના સંક્રમણની અસર હેઠળ મૃત્યુ આંક પણ વધી રહ્યો છે.

સક્રિય કેસ - ૨૩૦
રજા અપાઈ - ૧૮
અત્યાર સુધીના મૃત્યુ આંક- ૧૫૦

જેને લઈ આરોગ્ય વિભાગ સાથે વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. પંચમહાલ જીલ્લામાં ૨૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ગોધરા શહેર-૧૮, ગોધરા ગ્રામ્ય-૦૪,હાલોલ-૦૧, કાલોલ-૦૪, શહેરા-૦૧ નોંધાયા છે. સક્રિય દર્દીની સંખ્યા વધીને ૨૩૦ સુધી પહોંચી છે. આજરોજ ૧૮ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા કોરોનાના કહેરને જોતાં કોરોના રસીકરણમાં વધારો કરવામાં આવ્યો છે. લોકોને કોરોના વેક્સીન લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે. સાથે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા લોકોને માસ્ક પહેરવા માટે અપીલ કરાઈ છે.

## કાલોલના શામળદેવીના યુવાન પુત્રને માતાએ પ્રેમનો ઠપકો આપતાં પુત્ર એ શેઠના ગોડાઉનમાં આપઘાત કર્યો

કાલોલ,

કાલોલ તાલુકાના શામળદેવી ગામનાં યુવાનના પિતાં અંદાજીત ચાર વષે પહેલાં મુત્યુ પામેલા. પિતાનાં મુત્યુ પછી મિલેશ તેની માતાં સાથે રહેતો હતો. પોતાના પરીવારની જવાબદારી મિલેશે ઉપાડી લઈને નોકરીની શોધ કરી હતી. જેથી તેની માતાને મદદ રૂપ થઈ શકે. પિતાનાં મુત્યુ પછી અંદાજીત એકાદ વર્ષ પછી તેને પૈસા કમાવવા માટે મજબુર થઈને નોકરી શોધી કાલોલ નગરમાં આવેલ મહાકાળી દુધ ડેરીનાં માલિક અમિતભાઈ દીપકભાઈ પટેલ ને ત્યાં અંદાજીત છેલ્લા બે-ત્રણ વષેથી શેઠનાં ગોડાં ઊનમાજ રહીને નોકરી કરતો હતો.પરંતુ હોળી-ધુળેટીના તહેવાર પર કહ્યાં વગર



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

નિકળી ગયો હતો. મિલેશ પોતાનાં ઘરે નહીં પરંતુ ગડતેશ્વર દશેન કરી સાંજે ઘરે પરત ફરતાં મિતેશને તેની માતા ગં.સ્વ.સુશીલાબેન રૂકેશભાઈ સોલંકી એ સવારથી તું ક્યાં ગયો હતો અને ઘરમાં કહ્યાં વગર જતો રહેતાં અમને ચિંતા થાય છે. આમ કહી માતા એ પુત્ર મિલેશ ને ઠપકો આપ્યો હતો. પરંતુ યોવનના જોસે પુત્ર બીજા દિવસે સાંજે મહાકાળી ડેરીનાં માલિક અમીતભાઈ પટેલ નાં ગોડાઉન પર સુવા માટે નિકળી ગયેલ. પરંતુ અચાનક મિલેશ કાલોલ સાંઈ દશેન કોમ્પલેક્ષ માં આવેલ શેઠનાં ગોડાઉનમાં છતનાં ભાગે પંખો લગાવવાનાં હુક માં પ્લાસ્ટિક ની દોરી બાંધી માતાની પ્રેમ ભરી લાગણી નાં ઠબકાને ડામ આપી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દિધું.બીજા દિવસે સવારે અમીતભાઈ પટેલ અને અરૂણભાઈ સોલંકી ગોડાઉન પર જઈને ગોડાઉન નું શટલ ખોલતા જોયું તો મિલેશ ખંખાના હુક સાથે જીવન દોરી ટુંકાવી દિધી હતી.જેની જાણ તેનાં શેઠે તેના ઘર પરીવાર ને કરતાં ઘરનાં સગા સ્નેહી ગોડાઉન પર દોડી આવ્યા હતા.જોકે ઘટનાં ની જાણ કાલોલ પોલીસ ને થતાં પોલીસ પોંહચી કાલોલ નગરપાલિકાની સબવાહીની બોલાવી રેફરલ હોસ્પિટલ કાલોલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. જેની ફરીયાદ મિલેશના કાકાના પુત્ર એ કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. માતાનાં લાગણી ભરેલાં ઠપકો ડામ સમાન બની જઈ પુત્ર વિહોણા બની ગયો હતો.

## ૧૨૫- મોરવા હડફ પેટા ચૂંટણી સંબંધે ગોધરા ખાતે બેઠક યોજતા નિરીક્ષકો



ગોધરા,

૧૨૫-મોરવા હડફ વિધાનસભા બેઠકની જાહેર થયેલ પેટાચૂંટણી સંદર્ભે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા જનરલ ઓબ્ઝર્વર અને એક્સપેન્ડિચર ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવી છે. બંને નિરીક્ષકઓ, હરપ્રીત સિંઘ (આઈ.એ.એસ.) અને મૃત્યુંજય સૈની (આઈસીએએસ)એ ગોધરા જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં ઉપસ્થિત રહી ચૂંટણી પ્રક્રિયા સંબંધે પૂર્વ તૈયારીઓ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. નિરીક્ષકઓએ ચૂંટણી ફરજ પરના સ્ટાફ, સંવેદનશીલ મતદાન મથકો અને તે અંગે કરવામાં આવેલી વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા, આદર્શ આચાર સંહિતાના અમલ સંબંધી મોનિટરિંગ, હેલ્પલાઈન, ફરિયાદ નિવારણ, મતદાન કામગીરી, સંચાર વ્યવસ્થા, દિવ્યાંગ મતદારોની વ્યવસ્થા, સ્થળાંતરિત મતદારોના મતદાન, વાહનવ્યવહાર સંબંધી વ્યવસ્થાઓ અંગે ઝીણવટભરી વિગતો મેળવી હતી. બેઠક બાદ નિરીક્ષકઓ જિલ્લા કલેક્ટર સહિતના અધિકારીઓ સાથે મોરવા હડફ વિસ્તારના મતદાન મથકો, મતગણતરી મથકની રૂબરૂ મુલાકાત લઈ કરવામાં આવેલી વ્યવસ્થાઓનું નિરીક્ષણ-સમીક્ષા કર્યા હતા. બેઠકમાં પોલિસ અધિક્ષક ડો.લીના પાટિલ, નિવાસી અધિક કલેક્ટર એલ.બી.બાંભણિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એન. ગુપ્તા, એમસીસી નોડલ અધિકારી સી.એન. રાઠવા, ચૂંટણી મામલતદાર, નિરીક્ષકઓના લાયઝન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા સબજેલના કાચા કામના કેદીના વડોરામાં સારવાર માટે ખસેડાતા કોરોનાની બિમારી થી મોત

ગોધરા,

ગોધરા સબજેલ ખાતે કાચા કામના આરોપીને ટીબીની બિમારી હોય જેને પોલીસ જાપ્તામાં સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જેનો કોરોન ટેસ્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સબજેલ ખાતે આરોપી તરીકે મહેશભાઈ ઉર્ફે ભુરાભાઈ અમરાભાઈ નાયક ઉ.વ.૨૭ રહે. ઉઘવાળા તા.દે.બારીઆ સજા કાપતા હોય ટીબીની બિમારી હોય જેને ૨૬ માર્ચના રોજ દવા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ગોધરા ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને કોરોના ટેસ્ટ કરાવતા પોઝીટીવ રિપોર્ટ આવ્યો હતો અને સારવાર દરમ્યાન મોત નિપજવા પામ્યું. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબા તાલુકાના વાવકુંડલી ગામના પ્રેમી યુવક-યુવતિએ કર્યો આપઘાત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સાજોરા ગામની સીમમાં વાવકુંડલી ગામના પ્રેમી પંખીડા એ આંબાના ઝાડની ડાળીએ દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના વાવકુંડલી ગામે રહેતા રેખાબેન ભારતભાઈ બારીયા ઉ.વ.૨૧ ગામના કમલેશ બારીયા સાથે પ્રેમ સંબંધો હતા અને આ વર્ષે રેખાબેનનું લગ્ન ખેડાપા ગામે નકકી થઈ ગયેલ હોય જેને લઈ બન્ને પ્રેમી પંખીડાને મનમાં લાગી આવતં ૩૦ માર્ચના રોજ સાજોરા ગામની સીમમાં આંબાના ઝાડની ડાળી સાથે દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મોતને વ્હાલું કરી લેતાં પંથકમાં માતમ પથરાઈ ગયો છે. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 185

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનો મામલો જાતિના પ્રમાણપત્રના મુદ્દે ગરમાયો

# કોંગ્રેસના ઉમેદવાર સુરેશ કટારા દ્વારા ભાજપના ઉમેદવાર સામે કરાઈ વાંધા અરજી



- ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી ભાજપના નિમિષા સુથારની ઉમેદવારી રદ્દ કરવા કરી અરજી.
- આદિવાસી રિઝર્વ બેઠક માટે ભાજપના ઉમેદવાર સાચા આદિવાસી ન હોવાનો અરજીમાં કરાયો ઉલ્લેખ.
- ભાજપના ઉમેદવાર નિમિષા સુથાર સાચા અનુસૂચિત જનજાતિના ન હોય તેમની ઉમેદવારી રદ્દ કરવા માંગ
- ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારે વાંધા અરજી મુદ્દે આપ્યો ખુલાસો.
- પોતે આદિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યુ છે જે આધારે ચૂંટણી અધિકારીએ પોતાનું ઉમેદવારી પત્ર માન્ય રાખ્યું છે.

મોરવા(હ), મોરવા હડફ વિધાન સભા બેઠક ઉપર પેટા ચૂંટણી નો જંગ જામે તે પહેલા ભાજપ અને કોંગ્રસ પક્ષ ના ઉમેદવારો વચ્ચે જાતીય પ્રમાણ પત્રનો જંગ શરૂ થયો છે. ત્યારે મોરવા હડફ વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર સુરેશ કટારાએ ચૂંટણી અધિકારીને આક્ષેપ યુકત વાંધા અરજી આપી ભાજપ ઉમેદવાર આદિવાસી નહિં હોવાની રજૂઆત કરવામાં આવતાં રાજકીય માહોલ ગરમાઈ ગયો હતો. દરમ્યાન ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારે પોતે આદિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યુ હતું. જે આધારે ચૂંટણી અધિકારીએ પોતાનું ઉમેદવારી પત્ર માન્ય રાખ્યું હતું.

આગામી ૧૭ એપ્રિલના રોજ મોરવા હડફ વિધાનસભા પેટા ચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રસ પક્ષ ના ઉમેદવારો વચ્ચે જાતીય પ્રમાણ પત્રનો જંગ શરૂ થયો છે ભાજપના ઉમેદવાર નિમીષા બેન સુથાર ખોટા આદિવાસી હોવાનો કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ કટારા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. ત્યારે આ મામલે ચૂંટણી અધિકારી લેખિત અરજી કરવામાં આવી છે અને આદિવાસી રિઝર્વ બેઠક માટે ભાજપના ઉમેદવાર સાચા આદિવાસી ન હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચુંટણી તંત્રને કરાયેલી આક્ષેપ યુકત વાંધા અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ભાજપના ઉમેદવાર અનુસુચિત જનજાતિના સભ્ય હોવાની બાબત તદ્દન ખોટી, ઉપજાવી કાઢેલ અને બનાવટ આધારીત છે. તેઓ અનુસૂચિતજનજાતિના સભ્યો ન હોવા છતાં પોતે અનુસૂચિતજનજાતિના છે તેવું જાહેર કરી ઉમેદવારીપત્ર ભરેલ છે.આથી ઉમેદવારીપત્ર રદ કરવું જોઈએ. વાંધા અરજી કરતાં સુરેશભાઈ કટારા એ વધુમાં આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, ભાજપના ઉમેદવારના પિતા એ તેમની જ્ઞાતિ હિંદુ પટેલીયા દર્શાવેલ છે. અને શાળાના રજીસ્ટરમાં નોંધ છે. શાળા છોડયાનું પ્રમાણપત્રમાં પણ નોંધ છે. તે આધારે જાતિ પ્રમાણપત્ર મેળવેલ છે. અને અગાઉ પિતાના જ્ઞાતિના પ્રમાણપત્રની તપાસ તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલ છે. તે મુજબ તેઓના પિતા આદિજાતિમાં સમાવેશ થતો નથી. આ આધારે ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથાર અનુસૂચિતજનજાતિ સમૂહમાં આવતા નથી. જેથી ઉમેદવારી પત્ર રદ કરવાની માંગ કરી હતી. તો બીજી તરફ પોતે સાચા આદિવાસી હોવાનો ભાજપ ઉમેદવાર નિમીષાબેન સુથાર દ્વારા દાવો કરવામાં રહ્યો છે. આદિજાતિ વિષ્લેષણ સમિતિ ગાંધીનગર ગુજરાત સરકાર દ્વરા વર્ષ ૨૦૦૭ થી જાતિપ્રમાણ પત્ર માન્ય રાખેલ હોય પોતે પિતાના દરજ્જાના આધારે અનુસૂચિત જન જાતિ ના ઉમેદવાર હોવાનો દાવો ભાજપ ના ઉમેદવાર નિમીષા બેન સુથાર દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે ટિકિટ વાંચ્છુંકો દ્વારા આ પ્રકાર ની અમારા વિરૂદ્ધ ની પ્રવૃતીઓ કરવામાં આવતી હોવાનો આરોપ ભાજપ નિમિષાબેન સુથાર લગાવી રહ્યા છે.

### મામલો રાજકીય ગલિયારીઓમાં ટોપ ઓફ ધ ટાઉન બન્યો

મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને લઈ ગઈ કાલે ગઈ કાલે ભાજપ અને કોંગ્રેસ ઉમેદવાર દ્વારા ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા ઉમેદવારી પત્ર ભર્યા ના ૨૪ કલાક જેટલો સમય પણ નથી વીત્યો ત્યાંજ બન્ને પક્ષ વચ્ચે જાતીય દાખલાની જંગ શરૂ થઈ ચુકી છે. મોરવા હડફ પેટા ચૂંટણી માટે પ્રચાર પ્રસાર જંગ શરૂ થાય તે પહેલા બને પક્ષો વચ્ચે જાતીય પ્રમાણ પત્ર ની જંગ શરૂ થઈ છે. તેવામાં હાલ આ મામલો રાજકીય ગલિયારીઓમાં ટોપ ઓફ ધ ટાઉન બનવા પામ્યો છે.

### મને ન્યાય તંત્ર ઉપર પુરો વિશ્વાસ છે

ઉમેદવારીપત્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવતાં કોંગ્રેસ દ્વારા કરાયેલી વાંધા અરજી સંદર્ભે ફોર્મ દરમ્યાન સક્ષમ અધિકારીના માન્ય પ્રમાણપત્ર રજુ કરેલ છે. આ ઘ્યાને લઈને ફોર્મ માન્ય રાખવામાં આવ્યું છે. અને કરવામાં આવેલી અમારા વિરૂદ્ધની વાંધા અરજી અમાન્ય કરેલ છે. અત્યારથી જ કોંગ્રેસને હાર ભાળી જતાં આવા અખતરા કરવામાં આવી રહ્યા છે. પિતાના દરજ્જે અનુસૂચિતજનજાતિની મહિલા છું અને મને ટીકિટ ભાજપા એ આપી છે. અને વિરોધીઓ ખોટી ખોટી રજુઆત કરી રહ્યા છે. પરંતુ મને ન્યાય તંત્ર ઉપર પુરો વિશ્વાસ છે.

# ગોધરા પાલિકાના પ્રમુખે પત્રકાર પરિષદ યોજી આર્થિક સ્થિતીનો ચિંતાર રજુ કર્યો



- પાલિકા વિસ્તારમાં ૧૦ કરોડોના મિલ્કત વેરો વસુલવાના બાકી.
- અગાઉના વહીવટદારો દ્વારા ૫.૫૦ કરોડના લેણું ચુકવવાનું બાકી.
- નગરજનોના વેરાની રકમ ભરવા માટે પ્રમુખ દ્વારા અપીલ કરાઈ.

ગોધરા, ગોધરા નગર પાલિકાની યોજાયેલ ચુંટણી બાદ અપક્ષો એ સત્તાની ધુરા સંભાળી છે. પાલિકા પ્રમુખ દ્વારા પત્રકારો મીટીંગ યોજી હતી. પાલિકાની આર્થિક સ્થિતીનો ચિતાર રજુ કર્યો હતો. કોરોના મહામારીની અસર પાલિકાની તિજોરી ઉપર પડી છે. ૧૦ કરોડના વેરાની વસુલાત પાલિકાની બાકી પડેલ છે. જેની સામે ૫.૫૦ કરોડ રૂપીયાનું લેણું પાલિકા ચુકવવાનું બાકી છે. ત્યારે પાલિકા પ્રમુખ દ્વારા વેરો બાકી હોય તેવા મિલ્કત માલિકોને વેરાની રકમ જમા કરાવવા માટે અપીલ કરવામાં આવી છે.

ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં અપક્ષો એ સત્તા ઉપર કબજો મેળવ્યો છે. જેમાં પાલિકા પ્રમુખ તરીકે સંજય સોની ચુંટાઈ આવ્યા હતા. સંજય સોની દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી અને પાલિકાની આર્થિક સ્થિતીનો ચિતાર રજુ કરવામાં આવ્યો હતો. ગોધરા નગર પાલિકામાં ૧૦ કરોડ ઉપરાંતની મિલ્કત વેરાની રકમ બાકી પડે છે. તેની સામે પાલિકા ઉપર ૫.૫૦ કરોડનું લેણું ચુકવણું કરવાનું છે. જેની અસર પાલિકા ઉપર વર્તાઈ રહી છે. પાલિકાની આર્થિક સ્થિતી નબળી કરવાની સાથે દેવાની રકમ અગાઉ ભાજપના વીજ કંપનીના ૬૭ લાખ, ડીઝલના બીલના ૭ લાખ રોજમદારોનું ઈ.પી.એફ.૭૭ લાખ પગાર તથા પેન્શનના ૩.૭૬ કરોડની ચુકવણી બાકી છે. પાલિકા વિસ્તારના લોકોની સુવિધા અને વિકાસના કામો અટકે નહિ તે માટે બાકી પડતા મિલ્કત વેરોની રકમ ભરપાઈ કરવા માટે પાલિકા પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગોધરા પાલિકાના અગાઉના વહીવટદારો દ્વારા સ્ટ્રીટ લાઈટ સહિતના વીજ બીલ રકમ બાકી પડતી હોય જેને લઈ વીજ કંપનીના અધિકારીઓ લાઈટ કનેકશન કાપવા માટે પાલિકા ખાતે આવ્યા હતા. પાલિકા પ્રમુખ દ્વારા વીજ કંપનીને ૧૦ લાખ રૂપીયાની ચુકવણી કરીને બાકીની રકમ ચુકવવાની ખાતરી આપવામાં આવી છે.

### પ્રમુખે સત્તાની ધુરા સંભાળ્યા બાદ સફાઈ કામદારો-પેન્શનરો તેમજ વીજ બીલની બાકી રકમ માટે ચુકવણું શરૂ કર્યુ

અપક્ષના પ્રમુખ સંજય સોની એ પદભાર સંભાળતાની સાથે પાલિકાના અગાઉના શાસકો દ્વારા કરવામાં આવેલ અનઘડ વહીવટને ઠેકાણે લાવવામાં જોતરાયા છે. પ્રમુખ તરીકે પદભાર સંભાળતાની સાથે પાલિકાના સફાઈ કર્મી અને પેન્શનરોના બાકી પડતા ચાર માસના પગાર પેટેનો ૧ માસનો પગાર ચુકવણી કરી છે. જયારે પાલિકા વિસ્તારના સ્ટ્રીટ લાઈટ સહિતના વીજ બીલના બાકી પડતી રકમ માંથી ૧૦ લાખની ચુકવણી કરાઈઅ ને પ્રમુખ દ્વારા બીજા નાણાં ભરવાની ખાતરી આપવામાં આવી છે.

# પાવાગઢ ડુંગરના બાવા બજારમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી થી લોકોમાં રોષ વૈકલ્પિક જગ્યા ફાળવવા લોકમાંગ



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, યાત્રાધામ પાવાગઢ ડુંગર ઉપર આવેલ દબાણો વૈકલ્પિક જગ્યા ફાળવ્યા વગર દૂર કરવામાં આવતા પાંચ પરિવારો નોંધારો બન્યા હતા. ટૂંકાગાળાની નોટિસો આપ્યા બાદ તાત્કાલિક અસરથી યજ્ઞશાળા બનાવવાના નામે દબાણો દૂર કરવામાં આવતાં તંત્ર સામે રોષ ભભૂકી ઉઠયો હતો. તંત્ર દ્વારા ૨૦૧૫માં ૬૧મી નોટીસ ૪૦૦ જેટલા લોકોને આપવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા માત્ર પાંચ લોકો સામે કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. બાવા બજારમાં છેલ્લા પચાસ વર્ષથી ભિક્ષા માંગી ગુજરાન ચલાવતા પાંચ પરિવારોના મકાન તૂટતાં નોંધારા બન્યા હતા. જે દબાણ દૂર કરવામાં આવ્યા છે. ત્યાં અત્યાર સુધીમાં કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામી નથી. તેમ જ નડતરરૂપ હોવાના નામે દબાણો દૂર કરવામાં આવેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ જગ્યા યજ્ઞશાળા બનાવવા માટે ઉપયોગમાં લેવાની હોય તેના કારણે દબાણો તોડવામાં આવ્યા છે. પાવાગઢ ડુંગર ઉપર અસંખ્ય દબાણો કરવામાં આવેલા છે અને માત્ર પાંચ લોકો સામે કાર્યવાહી કરતા ભોગબનનાર પરિવારોની આજીવિકા છીનવાતા રોષે ભરાયા હતા. તાત્કાલિક આ પાંચ પરિવારોને વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી હતી. હાલમાં આ પરિવારો ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે.

# ગોધરા થી વડોદરા આઈસર ગાડીમાં કતલ માટે લઈ જવાતા ૨૩ પશુઓ બચાવાયા



ગોધરા, ગોધરા બી ડીવીઝન પોલીસ ઈન્સ્પે.ને બાતમી મળી હતી કે, આઈસર ગાડીમાં કત્તલના ઈરાદે ભરીને ગોધરા થી વડોદરા તરફ જનાર છે. તેવી બાતમીના આધારે વોચ ગોઠવીને આઈસર ગાડીને ઝડપી ૨૩ પશુઓ બચાવી લઈ પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણ ગોધરા બી ડીવીઝન પોલીસ ઈન્સ્પે.ને ખાનગી બાતમી મળી હતી કે, આઈસર ગાડી નંબર જીજે.૧૫.એટી.૭૭૭૧માં કત્તલના ઈરાદે પશુઓ ભરીને ગોધરા થી વડોદરા તરફ લઈ જનાર છે. તેવી બાતમીના આધારે પોલીસ સ્ટાફ સાથે વોચ ગોઠવી હતી અને આઈસર ગાડીને ઝડપી પાડી હતી. જેની તપાસ કરતાં ગાડીમાં ટુંકા દોરડા થી ક્રુરતા પૂર્વક ખીચોખીચ બાંધી રાખેલ પાડા નંગ-૧૬, ભેંસો નંગ-૫, પાડીઓ નંગ-૨ મળી કુલ ૨૩ પશુઓ કિંમત ૨,૭૦,૦૦૦/-રૂપીયા મોબાઈલ ફોન, આઈસર ગાડી મળી કુલ ૯,૭૦,૫૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા બચાવી લેવાયેલા પશુઓને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ પશુ સંરક્ષણ સુધારા એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# પંચમહાલ જીલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભામાં સને ૨૦૨૦-૨૧નું સુધારેલ તથા સને ૨૦૨૧-૨૨ના વર્ષનું અસલ અંદાજપત્ર પુરાંતવાળું મંજુર



ગોધરા, પંચમહાલ જીલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભામાં અધ્યક્ષ પદે થી પ્રમુખ કુ.કામીનીબેન ગોપાલસિંહ સોલંકી દ્વારા સને ૨૦૨૦-૨૧નું સુધારેલ તથા સને ૨૦૨૧-૨૨ના વર્ષનું અસલ અંદાજપત્ર પુરાંતવાળું રજુ કરવામાં આવતાં ઉપસ્થિત સૌ સભ્યો એ તમામ ક્ષેત્રના સર્વાંગી વિકાસને આવરી લેતું બજેટને આવકારીને સર્વાનુંમતે મંજુર કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પંચમહાલ ગોધરાની યોજાયેલી સામાન્ય સભા પ્રમુખ કુ.કામીનીબેન ગોપાલસિંહ સોલંકીની અધ્યક્ષતામાં તથા સચિવ તરીકે ડીડીઓ એસ.કે.રાઠોડે શોભાવ્યું હતું. આ દરમ્યાન ભાજપાના તમામ જીલ્લા પંચાયતના સદસ્યો, શાખાધિકારીઓ, કર્મચારીગણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સભામાં ગઈ નોંધને બહાલી આપીને થયેલા ઠરાવ ઉપર લીધેલા પગલાંનો અહેવાલ વાંચી સંભળાવ્યા બાદ અદયક્ષે રજુ કરેલા બજેટ પૂર્વે પંચમહાલ જીલ્લાના તમામ ગામોનો સર્વાંગી વિકાસ સાથે છેવાડાના ગરીબોની કલ્યાણકારી યોજનાઓને પહોંચતી કરવા સાથે આગામી વિકાસના કાર્યોના આયોજન અંગે સભ્યોના પ્રશ્નો જાણીને ઉકેલવાની ખાતરી અપાઈ હતી. દરમ્યાન સને ૨૦૨૦-૨૧ ના વર્ષનું સુધારેલ તથા સને ૨૦૨૧-૨૨ ના વર્ષનું અસલ અંદાજપત્ર સામાન્ય સભા સમક્ષ રજુ કરતા હર્ષની લાગણી અનુભવતા અધ્યક્ષે જણાવ્યું હતું કે સ્વભંડોળ, સરકારી પ્રવૃતિઓ તથા દેવા વિભાગ માટે આવક તથા ખર્ચના અલગ અલગ અંદાજો તૈયાર કરવામાં આવેલા છે. તેમજ એકત્રિત તારીજ તૈયાર કરવામાં આવેલ છે. તેની સમજ સભ્યોને અપાઈ હતી. બાદમાં, સર્વાનુંમતે બજેટને આવકારીને પસાર કરવામાં આવતાં પ્રમુખે સૌનો આભાર વ્યકત કર્યો હતો. ખાસ કરીને હિસાબી અધિકારી તથા કર્મચારીઓએ બજેટ તૈયાર કરવામાં ઉઠાવેલ જહેમતને તેઓએ બિરદાવી હતી.

### સ્વભંડોળ-આવક વિભાગ

સ્વભંડોળની તા ૧-૪-૨૦૨૦ ના રોજ ની ખુલતી સિલક રૂા.૬૫૦.૩૪ લાખ (છ કરોડ પચાસ લાખ ચોત્રીસ હજાર) હતી અને ૨૦૨૦- ૨૧ ના વર્ષની આવકનો મુળ અંદાજ રૂા.૧૭૩.૩૦ લાખ( એક કરોડ તોતેર લાખ ત્રીસ હજાર) હતા. જેની સામે સને ૨૦૨૦-૨૧ માં આવકના સુધારેલ અંદાજ રૂા.૧૬૮.૪૫ લાખ (એક કરોડ અડસઠ લાખ પીસ્તાલીસ હજાર) મુકવામાં આવેલ છે. જયારે સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે સ્વભંડોળ આવકનું અંદાજ રૂ.૧૮૨.૧૦ લાખ(એક કરોડ બ્યાસી લાખ દશ હજાર) મુકવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે વૈધાનિક અનુદાન રૂા.૨૬.૭૫ (છબ્બીસ લાખ પંચોતેર હજાર), શિક્ષણ શાખાના રૂા.૧૦.૦૦ લાખ (દશ લાખ), સીડ ફાર્મ ઉપજ ની રૂા.૨.૧૦ લાખ(બે લાખ દશ હજાર), તથા બાધકામ પંચાયતની આવક રૂા.૩૬.૦૦ લાખ(છત્રીસ લાખ) અંદાજવામાં આવેલ છે.

### સરકારી પ્રવૃતિઓ આવક વિભાગ

સને ૨૦૨૦-૨૧ ના વર્ષ ના મુળ અંદાજો રૂા.૧૧૧૦૮૭.૫૦ લાખ (અગીયાર અબજ દશ કરોડ સીત્યાસી લાખ પચાસ હજાર) હતા. જેની સામે સુધારેલ અંદાજો રૂા. ૧૧૭૩૬૬.૦૦ લાખ (અગીયાર અબજ તોતેર કરોડ છાસઠ લાખ) મુકવામાં આવેલ છે તથા સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે રૂા.૧૨૧૪૦૧.૭૫ લાખ (બાર અબજ ચૌદ કરોડ એક લાખ પચ્ચોતેર હજાર) ની આવક અંદાજવામાં આવેલ છે.

### સ્વભંડોળ ખર્ચ વિભાગ

સને ૨૦૨૦-૨૧ ના વર્ષના ખર્ચનો મૂળ અંદાજ રૂા.૨૨૭.૮૮ લાખ (બે કરોડ સત્યાવીસ લાખ ઈઠીયાસી હજાર) હતા. જેની સામે સને ૨૦૨૦-૨૧માં ખર્ચ સુધારેલ અંદાજ રૂા.૨૧૯.૫૮ લાખ (બે કરોડ ઓગણીસ લાખ અઠ્ઠાવણ હજાર) જયારે સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે રૂા.૨૫૮.૬૮ લાખનો(બે કરોડ અઠ્ઠાવણ લાખ અડસઠ હજાર) અંદાજ છે. સને ૨૦૨૧-૨૨ ના જીલ્લા વિકાસ અધિકારી તથા સ્ટાફ પગાર ભથ્થા માટે ૭૦.૦૦ લાખ (સીતેર લાખ)અંદાજ છે. સાદીલવાર ખર્ચ પેટે રૂા.૨૭.૪૫ લાખ (સત્યાવીસ લાખ પીસ્તાલીસ હજાર)અંદાજવામાં આવેલ છે. તેમજ મહત્વની જોગવાઈઓમાં વિકાસ અને પંચાયત ક્ષેત્રે રૂા.૯.૨૦ લાખ (નવ લાખ વીસ હજાર), શિક્ષણ ક્ષેત્રે રૂા.૧૦.૪૦(દશ લાખ ચાલીસ હજાર), ખેતીવાડી ક્ષેત્રે રૂા.૩.૦૦ લાખ (ત્રણ લાખ), સમાજ કલ્યાણ ક્ષેત્રે રૂા.૮.૨૧ લાખ (આઠ લાખ એકવીસ હજાર), બાધકામ ક્ષેત્રે રૂા ૧૧૨.૦૦ લાખ(એક કરોડ બાર લાખ)ની જોગવાઈ કરવામાં આવેલ છે. રકતપિત અને ટીબીના દર્દીના પ્રચાર પ્રસાર માટે રૂા. ૧.૦૦ (એક લાખ)ની જોગવાઈ રાખેલ છે.

### સરકારી પ્રવૃતિઓ ખર્ચ વિભાગ

સને ૨૦૨૦-૨૧ના વર્ષના મુળ અંદાજો રૂા.૧૧૦૬૫૬.૦૦ લાખ (અગીયાર અબજ છ કરોડ છપ્પણ લાખ) હતા. જેની સામે સુધારેલ અંદાજો રૂા.૧૦૫૪૭૩.૩૦ લાખ (દશ અબજ ચોપન કરોડ તોતેર લાખ ત્રીસ હજાર) મુકવામાં આવેલ છે તથા સને ૨૦૨૧-૨૨ના વર્ષ માટે રૂા.૧૧૨૫૯૨.૩૫ લાખ (અગીયાર અબજ પચ્ચીસ કરોડ બાણું લાખ પાત્રીસ હજાર)નો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

### દેવા વિભાગ આવક

સને ૨૦૨૦-૨૧ ના વર્ષના મૂળ અંદાજો રૂા. ૧૨૭૫.૦૦ લાખ (બાર કરોડ પંચ્યોતેર લાખ) હતા. જેની સામે સુધારેલ અંદાજો રૂા.૫૮૭.૦૦ લાખ (પાંચ કરોડ સીત્યાસી લાખ)મુકવામાં આવેલ છે તથા સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે રૂા.૫૯૨.૦૦ લાખ (પાંચ કરોડ બાંણું લાખ)ની આવક અંદાજવામાં આવેલ છે.

### દેવા વિભાગ ખર્ચ

સને ૨૦૨૦-૨૧ના વર્ષના મુળ અંદાજો રૂા. ૧૩૮૫.૦૦ લાખ (તેર કરોડ પંચ્યાસી લાખ) હતા. જેની સામે સુધારેલ અંદાજો રૂા.૧૮૦૫.૦૦ લાખ (અઢાર કરોડ પાંચ લાખ) મુકવામાં આવેલ છે તથા સને ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે રૂા.૧૮૦૫.૦૦ લાખ (અઢાર કરોડ પાંચ લાખ) નો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

એકંદરે સ્વભંડોળની તારીખ ૩૧-૩-૨૦૨૨ની બંધ સિલક રૂા.૫૨૨.૬૩ લાખ (પાંચ કરોડ બાવીસ લાખ તેસઠ હજાર) તથા કુલ સિલક રૂા.૪૮૫૮૪.૧૨ લાખ (ચાર અબજ પંચ્યાસી કરોડ ચોર્યાસી લાખ બાર હજાર)અંદાજવામાં આવેલ હોઈ બજેટ પુરાંતવાળું છે.

# ગોધરા ખાતેના મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લેતા ખર્ચ નિરીક્ષક



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, મોરવા હડફ વિધાનસભા પેટાચૂંટણી-૨૦૨૧ને ઘ્યાને રાખી ભારત ચૂંટણી પંચ દ્વારા જિલ્લામાં ચૂંટણી સંબંધી પ્રક્રિયાઓ માટે જનરલ ઓબ્ઝર્વર અને એકસપેન્ડિચર ઓબ્ઝર્વર (ખર્ચ નિરીક્ષક)ની નિમણૂંક કરવામાં આવી છે. ખર્ચ નિરીક્ષક મૃત્યુંજય સૈનીએ આજે ગોધરા ખાતેના મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. સૈનીએ મીડિયા સેન્ટર ખાતે ઈલેકટ્રોનિક મીડિયા મોનિટરીંગ સેન્ટરની ઉભી કરાયેલી સુવિધાઓની માહિતી મેળવતા ફરજ પર ઉપસ્થિત કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો તેમજ મોનિટરીંગની પ્રક્રિયા વિશે સૂચના-માર્ગદર્શન આપ્યા હતા. ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં પેઈડ ન્યુઝ સંબંધિત ખર્ચનો પણ સમાવેશ થતો હોવાથી આ કામગીરીની અગત્યતા વધારે હોવાનું તેમણે જણાવ્યું હતું. નિરીક્ષકની મુલાકાત સમયે તેમના લાયઝન અધિકારીઓ વહોનિયા અને તેજસ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.